Chapter. 5

# પ્રકરણ ૫.

# ઉપસંહાર

## પ્રકરણ : ૫

## ઉપસંહાર

પ્રત્યેક સ્વરૂપોમાં આવનારા ફેરફારો વિશે ઘણા અભ્યાસીઓએ સંશોધનકાર્ય કર્યાં છે. મેં ગુજરાતી સાહિત્યના યુગસંદર્ભે સર્જકો દ્વારા રચાયેલી રેખાચિત્રોની રચનાઓ વિગતે તપાસવાનો ઉપક્રમ પસંદ કર્યો. અલ્પમાત્રામાં થયેલા આ સંશોધનનો પડકાર ઝીલવો ગમ્યો. વિષયમાં રસ પડયો કારણ કે મૂળે તો મને માણસમાં રસ પડેલો. સમયના બદલાવ સાથે ગોઠવાતા, ઉવેખાતા અને સતત પરિવર્તિત થતા જતા મનુષ્યજીવનમાં સ્હેજ ડોકિયું કરવાની તક મળી. વિશિષ્ટ કે વિચિત્ર રીતે અભિવ્યકત થતો માણસ હરહંમેશ કૌતુક પ્રેરતો રહ્યો છે. યાંત્રિકતાભર્યા જગતમાં શૂન્યતા સર્જનારા પરિબળો વચ્ચે અનેકાનેક પ્રતિકૂળતામાં અન્ય માટે અનુકૂળતા પ્રદાન કરનારો નોખો માણસ રસનું કેન્દ્ર બને છે. સંવાદિતાઓ વચ્ચે જીવતો ભર્યો ભર્યો માણસ કયારેક વિસંવાદિતા પ્રગટાવનારા વિચિત્ર મનુષ્યના સંસર્ગમાં આવે છે ત્યારે માનવના વિસ્મયનું કેન્દ્ર એ બન્યો છે. રેખાચિત્ર સ્વરૂપમાં માનવમનની આવી જ રેખાઓ પ્રાપ્ત થાય છે જેમાં રસ લઈ આ દિશામાં સંશોધન કરવાનું કઠિન કાર્ય મેં ઊપાડયું.

પ્રત્યેક યુગસંદર્ભે ગુજરાતી સાહિત્યમાં રેખાચિત્ર સ્વરૂપે સાધેલા વિકાસનું અવલોકન ખૂબ વિગતે આપણે અગાઉના પ્રકરણોમાં જોઈ ચૂકયા છે. આમ છતાં ઉપસંહાર રૂપે ત્વરાથી વિહંગાવલોકન કરી લઈએ.

પ્રકરણ એકમાં ભૂમિકા રૂપે રેખાચિત્ર સ્વરૂપની અન્ય ભાષાઓમાં તેમજ ગુજરાતી ભાષામાં પ્રાપ્ત થતી વ્યાખ્યાઓ નોંધી સ્વરૂપને ઉજાગર કરવાનું અને મારા અભ્યાસને આધારે સ્પષ્ટતા કરવાનું યોગ્ય માન્યું છે. સ્વરૂપની વિભાવના તથા લાક્ષણિકતાઓની પણ તપાસ કરી છે. ઉપરાંત રેખાચિત્ર અને અન્ય ગદ્યસ્વરૂપો સાથે તેના સંબંધોનો નિર્દેશ કર્યો છે. જીવનચરિત્ર તથા રેખાચિત્રમાં એક જ મુખ્ય પાત્રનું આલેખન તેમજ નિમિત્ત સ્વરૂપે રહેલાં વ્યક્તિપ્રેમ, અહોભાવ કે વિભૂતિપૂજા જેવા સમાન કારણો હોવા છતાં બંને અનેક રીતે જુદા પડતાં સ્વરૂપો છે. જીવનચરિત્રકાર પસંદ કરેલું પ્રસિધ્ધ પાત્ર વિશાળ ફલક પર મોકળાશથી નિરૂપે છે.રેખાચિત્રમાં એથી ઊલટું કેવળ વ્યક્તિમત્તાને પ્રગટ કરતી વ્યક્તિની રેખાઓ માત્ર

નિરૂપીને આછા લસરકામાં જીવંત થઈ ઊઠે છે. આત્મકથા અને રેખાચિત્રમાં પણ સ્પષ્ટ ભેદરેખા છે. 'હું'ની જ લીલા દર્શાવતા આત્મકથાના સ્વરૂપ કરતાં પરલક્ષી તેમજ લાઘવયુક્ત સાહિત્ય સ્વરૂપ સંદર્ભે રેખાચિત્રનું સ્વરૂપ ભિન્ન લાગે છે. રેખાચિત્રની જનની સંસ્મરણ હોવા છતાં એની શૈલી તથા તટસ્થતાને લીધે સંસ્મરણથી પણ અલગ પડે છે. તો રેખાચિત્રની તુલનાએ રસિક અને રોચક લાગતા ટૂંકી વાર્તાના સ્વરૂપ સાથે લાઘવ, પાત્રના ભિન્ન ભિન્ન પાસાંઓના આલેખન જેવાં તત્ત્વો સાથે રેખાચિત્ર સ્વરૂપ સંબંધિત હોવા છતાં શૈલી તેમજ વૈયક્તિકતાને લીધે બંને ભિન્નતા દર્શાવનારાં સ્વરૂપો બની રહે છે. એવું જ નિબંધ તેમજ રેખાચિત્ર સ્વરૂપ પરત્વે પણ કહી શકાય. વિચારોનું પ્રાધાન્ય દર્શાવતા નિબંધ કરતાં રેખાચિત્રમાં ભાવોર્મિઓ પ્રવેશવાનો અવકાશ રહે છે. આવાં અનેક ગદ્યસ્વરૂપો કરતાં રેખાચિત્રનું સ્વરૂપ કઈ રીતે નોખું પડે છે તે દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. કેટલીક ભારતીય ભાષાઓ – હિન્દી, મરાઠી, રાજસ્થાની વગેરેના સર્જકોએ આ સ્વરૂપમાં નોંધાવેલા મહત્ત્વના પ્રદાનની પણ નોંધ લઈ આ સંદર્ભે આછેરી ગતિવિધિ આપી છે.

આ સર્વ અભ્યાસને અંતે મેં દર્શાવ્યું છે કે ગુજરાતી સાહિત્યના પ્રસ્થાપિત થઈ ચુકેલા વિવિધ સ્વરૂપોની તુલનાએ રેખાચિત્ર સ્વરૂપ પરત્વે વિગતે અભ્યાસ થયેલો જોવા મળતો નથી. આરંભકાળે સંસ્મરણ, વાર્તા, સંક્ષિપ્ત જીવનચરિત્ર જેવા સ્વરૂપોની અંતર્ગત સમાવિષ્ટ થયેલ રેખાચિત્ર સ્વરૂપનો ઉદ્‌ભવ મોટાભાગની ભાષાઓમાં ઈ.સ. ૧૯૨૦ બાદ થયેલો જણાય છે. અંગ્રેજી ચરિત્ર સાહિત્યના કુળમાંથી ઉદ્‌ભવેલું આ સ્વરૂપ અંગ્રેજી □□□□□□□□સંજ્ઞાના પર્યાયરૂપે, મહદ્અંશે 'રેખાચિત્ર' સંજ્ઞા રૂપે ઓળખાય છે. રેખાચિત્રને ચિત્રકળાના ક્ષેત્ર સાથે સંપૂર્ણ સંબંધ છે. રેખાચિત્રની સંજ્ઞા જ ચિત્રકલા જગતમાંથી આવી છે. રંગોથી દોરાયેલા ચિત્રને જોતાં ભાવકચિત્તમાં જેવી અનુભૂતિ થાય તેવી જ શબ્દોથી દોરાયેલા રેખાચિત્રને વાંચતાં સંવેદન જગત તાદશતા અનુભવતું હોય છે. એ શબ્દોથી ચિત્ર દોરવાની આવડત, કુશળતા કેટલાક સર્જકોમાં જ જોવા મળે છે.

દ્વિતીય પ્રકરણમાં સુધારકયુગ તેમજ પંડિતયુગના સર્જકોએ રચેલા રેખાચિત્ર સ્વરૂપને તપાસી ક્રમશઃ ઘડાતા જતા આ સ્વરૂપની રૂપરેખા આલેખી છે. અગાઉ આપણે જોયું તેમ ચિત્રને તાદશ કરવાની ક્ષમતા તો ગદ્ય-પદ્યના અનેક સ્વરૂપોમાં રહેલી છે. મધ્યકાળ પૂર્વે પણ વીરોનાં, દાનવીરોનાં, શ્રીમંતોનાં, ભક્તોનાં ચરિત્રો પ્રાપ્ત થાય છે. સંસ્કૃત સાહિત્યમાંય

'રઘુવંશ', 'નૈષધીય ચરિત', 'બુધ્ધચરિત' વગેરે જેવી રચનાઓ ઉપલબ્ધ છે જ્યારે મધ્યકાળમાં આખ્યાન, પ્રબંધ, ચરિય, પદ્યવાર્તા જેવાં સ્વરૂપોમાં ચરિત્રાલેખન થયેલું જોઈ શકાય છે પરંતુ ગુજરાતી સાહિત્યમાં ગદ્યશૈલીના પ્રવેશ સાથે, ચરિત્રાત્મક સાહિત્ય માટે અનુકૂળ વાહન ગદ્ય જ સ્વીકારાયું. વળી, અર્વાચીન યુગમાં અંગ્રેજી શિક્ષણનો પ્રબળ પ્રભાવ યુનિવર્સિટીની સ્થાપના તથા મુદ્રણ યંત્રની શોધ જેવાં પરિબળોએ નવી દિશા અર્પી. જે અન્ય  ભારતીય ભાષાઓની જેમ ગુજરાતી ભાષા સાહિત્ય માટે પણ અત્યંત પ્રભાવક નીવડી. સુધારકયુગમાં નિબંધ, આત્મકથા, નવલકથા જેવા અનેક ગદ્ય સ્વરૂપોની સાથે સાથે કોઈ ચોક્કસ સંજ્ઞાનો અંગુલિનિર્દેશ કર્યા વિના રેખાચિત્ર સ્વરૂપ આરંભાયું. નર્મદ દ્વારા અનાયાસે વવાયેલાં રેખાચિત્ર સ્વરૂપનાં બીજ એનું નિમિત્ત બન્યાં. સુધારકયુગમાં 'નર્મગદ્ય'ના 'કવિચરિત્ર'માં મધ્યકાલીન કવિઓની જીવનરેખાઓ નર્મદે નિરૂપી. જેમાં નરસિંહ મહેતા અને એથીય વિશેષ તો દયારામ સંદર્ભે રેખાચિત્ર સ્વરૂપનાં બીજ નિહાળી શકાય.

પંડિતયુગમાં શિક્ષણ, અભ્યાસ સાથે, સાહિત્યના ઊંડાણ તથા વ્યાપ વધતાં આ સ્વરૂપ પાંગરી ઊઠે છે. સંખ્યાની દષ્ટિએ તો આ યુગમાં અલ્પ કહી શકાય એટલાં રેખાચિત્રો મળ્યાં છે. છતાં સ્વરૂપ પરત્વે તૈયાર થયેલી એક કેડી અવશ્ય નિહાળી શકાય. જેમાં લીલાવતી મુનશી, નરસિંહરાવ દીવેટિયા તથા ન્હાનાલાલ જેવા સર્જકોનું નોંધપાત્ર પ્રદાન ગણી શકાય. વ્યક્તિ પરિચયની પ્રતીતિ કરાવતા અને આગવી શૈલીથી નિરૂપાતાં 'રેખાચિત્રો' લીલાવતી મુનશી પાસેથી મળે છે પણ પહેલવહેલું રેખાચિત્રનું સ્વતંત્ર સ્વરૂપ નરસિંહરાવ દીવેટિયાની કલમે 'સ્મરણમુકુર' સંદર્ભે સુપેરે પરિવર્તન પામતું જતું અને ઘડાતું જોઈ શકાય છે તો શૈલીની વિવિધતાઓ દર્શાવતી ન્હાનાલાલનો 'ચિત્રદર્શનો' સંગ્રહ પણ અભ્યાસનીય બન્યો છે. આ અભ્યાસ બાદ એમ કહી શકાય કે પ્રસિધ્ધ વ્યક્તિઓની વ્યાપક જીવનરેખામાંથી મહત્વની પ્રસંગ રેખાઓના નિરૂપણ થકી વ્યક્તિના ગુણ-દોષ દર્શાવી વ્યક્તિમત્તાને ઉજાગર કરવી એનું નામ રેખાચિત્ર એવી સમજણ મહદ્અંશે આ યુગના રેખાચિત્રકારોમાં લાગે છે. આ યુગમાં સાહિત્યકારો, સત્તાધીશો, જાહેરજીવનમાં પડેલી વ્યક્તિઓ કે સુપ્રસિધ્ધ વ્યક્તિઓના રેખાંકનો પ્રાપ્ત થયાં.

પ્રકરણ ત્રણમાં ગાંધીયુગ તેમજ અનુગાંધીયુગમાં રેખાચિત્ર સ્વરૂપના આગળ વધતા વિકાસની તપાસ કરી છે. આ યુગોમાં આ સ્વરૂપ ખાસ્સું એવું સમૃધ્ધ થયેલું જોઈ શકાય છે. ગાંધી ચેતના-ગાંધી પ્રભાવ હેઠળ અન્ય સ્વરૂપોના વિષયોમાં ને અભિવ્યક્તિમાં થયેલાં આમૂલ પરિવર્તનોની જેમ રેખાચિત્ર સંદર્ભે આવેલાં પરિવર્તનોની પણ નોંધ લીધી છે. રેખાચિત્ર સ્વરૂપનો વ્યાપ અને ઊંડાણ આ જ યુગમાં નિહાળી શકાય છે. એટલું જ નહીં પણ 'વ્યક્તિચિત્ર' એટલે જ રેખાચિત્ર જેવી સીમિત સંજ્ઞામાંથી વિસ્તરીને 'રેખાચિત્ર' સંજ્ઞા વિસ્તાર થયેલો નિહાળી શકાય છે. ગદ્યની આગવી છટા સાથે પ્રવેશેલા સ્વામી આનંદ મૂલ્યનિષ્ઠ, ગાંધીના આદમીરૂપે ગૌરવ ગાન કરનારા, કોઈક વિશિષ્ટ સમુદાયના ઉત્કર્ષ અર્થે જીવનારા વિશિષ્ટ માનવોનાં ધારદાર રેખાચિત્રો આપે છે, તો 'નઘરોળ'માં અમાનવીય વર્તન કરતા માણસોના ચિત્રાંકનોની સાથે સ્ત્રી પાત્રો તેમજ પ્રાણીચિત્રો પણ આપ્યાં છે. આ સર્વ વિશેષતાઓ સાથે સ્વામી આનંદ રેખાચિત્ર સ્વરૂપના પદાર્પણમાં અગ્રસ્થાને રહે છે. કિશનસિંહ ચાવડા સ્વાનુભૂતિને ઉત્કૃષ્ટ કલાઓપ આપી 'અમાસના તારા'માં કેટલાંક રેખાંકનો નિરૂપે છે. જયંતિ દલાલ 'પગ દીવાને પછીતેથી' તેમજ 'શહેરની શેરી' સ્વરૂપે પગથી તેમજ શેરીને બોલતાં કરે છે. આ સ્થળચિત્રો વિશિષ્ટ પ્રદાન બની રહે છે. પોતાના સમકાલીનો તથા સમયની આસપાસના ઓગણીસ જેટલાં વ્યક્તિચિત્રો મનસુખલાલ ઝવેરી પાસેથી 'ચિત્રાંકન' રૂપે મળે છે. મેઘાણીના 'માણસાઈના દીવા'માં રવિશંકર મહારાજનું સુરેખ શબ્દચિત્ર સાંપડે છે. ગાંધીયુગીન વિખ્યાત સર્જક ઉમાશંકર જોશી પાસેથી 'હૃદયમાં પડેલી છબીઓ ૧-૨' તથા 'ઈશામુશિદા અને અન્ય' રૂપે કેટલાંક અલ્પ માત્રામાં સુરેખ ચિત્રાંકનો પ્રાપ્ત થાય છે. જેમાં થયેલ કાલ્પનિક રેખાચિત્રોનું નિરૂપણ સ્વરૂપ પરત્વે મોકળાશ આપે છે. ઈશ્વર પેટલીકરે 'ગ્રામચિત્રો' રૂપે વ્યવસાયી વર્ગના અર્થાત્ જાતિચિત્રોનું વૈવિધ્ય પીરસ્યું છે. એવી જ રીતે કહેવતો તથા રૂઢિપ્રયોગ અને આગવી શૈલીથી આલેખાયેલા રમણીક અરાલવાળાના 'સાંદિપનીના રેખાચિત્રો' સ્વરૂપમાં મૂલ્યવાન પદાર્પણ કરે છે. જેમાં વ્યક્તિચિત્રોની સાથે સાથે ઉત્સવચિત્ર પણ સાંપડે છે. આ યુગમાં ઈસ્માઈલ નાગોરી દ્વારા રચિત 'વાડી પરનાં વ્હાલાં'માં પ્રાણીઓનાં રેખાંકનોમાં અલ્પાંશે રેખાચિત્ર સ્વરૂપની રેખાઓ પ્રાપ્ત થાય છે. રેખાચિત્ર સ્વરૂપે કહેવું પડશે કે વિષયવૈવિધ્ય તથા શૈલી વૈવિધ્ય દાખવતા આ યુગમાં ભાવાંજલિઓ, વ્યક્તિચિત્રો કે સાહિત્યકારોના રેખાંકનો તો મળે જ છે પણ સાથે મનુષ્યદુર્ગુણોની ઘેરી રેખાઓ

પણ મળે છે. આ યુગના લક્ષણ પ્રમાણે એક 'કૉમન મૅન'ના રેખાંકનો નિરૂપાયાં છે. જે સુધારકયુગ તેમજ પંડિતયુગની પાત્ર પસંદગી કરતાં જુદાં પડે છે. એ રીતે પાત્ર પસંદગી અને શૈલી બંને દૃષ્ટિએ પરિવર્તન આવ્યું છે.

પ્રકરણ ચારમાં આધુનિક-અનુઆધુનિકયુગના રેખાચિત્રોનો વિગતે અભ્યાસ કર્યો છે. અદ્યતનયુગમાં તો ગદ્ય-પદ્ય સ્વરૂપ પરત્વે ઘણા એવા ફેરફારો વિશ્વસાહિત્યમાં અને ગુજરાતી સાહિત્યમાં થયા છે. વિષય કેન્દ્ર બદલતાં વૈચારિક સ્તરે તથા અભિવ્યક્તિ આલેખનમાં પણ ધરખમ ફેરફાર નોંધી શકાય છે. શૂન્યતાથી ઘેરાયેલા તથા વિસંવાદિતા અનુભવતા માનવોમાં મૂલ્યનું સ્વરૂપ બદલાયેલું જોવા મળે છે. ગાંધીયુગમાં સમૃધ્ધ થયેલું આ સ્વરૂપ આ યુગમાં પણ વધુ પુષ્ટ બનતું જણાય છે. જોકે એ કહેવું પડશે કે સમય સાથે પ્રશ્નોનું સ્વરૂપ પણ બદલાય છે. ગાંધીયુગમાં 'કૉમન માનવ'નો પ્રવેશ થયો. આ યુગમાં પણ સાધારણ માનવ પ્રવેશ્યો છે છતાં ગાંધીયુગનો સાધારણ માનવ અનાવિલ સમાજનો, કાથોડી સમાજનો, શેરી પરનો કે પગથી પરનો છે તે કરતા અહીં આજનો સાધારણ માણસ ઉદ્ભવતી વિભિન્ન પ્રકારની વિકટ પરિસ્થિતિ વચ્ચે પણ મૂલ્ય જાળવતો, આજના પ્રશ્નોથી ઘેરાયેલો, જીવવા માટે બૂટપોલિશ કરતો, કાગળ વીણતો, દાણચોરી કરતો માનવ છે. ગાંધીયુગમાં પણ વ્યક્તિ નિમિત્તે સમાજની રેખાઓ પ્રાપ્ત થાય છે. જૉસેફ મૅકવાન કે મણિલાલ હ. પટેલ જેવા સર્જકોના ચિત્રાંકનોમાં સમાજ નિરૂપણ થયું છે ખરું પણ ગાંધીયુગ કરતાં અહીં જે જુદાપણું છે તે એ કે સમાજની સાથે સાથે સર્જકનો 'હું' પણ પ્રવેશે છે. અનિરૂધ્ધ બ્રહ્મભટ્ટના 'નામરૂપ' સંગ્રહનાં રેખાચિત્રો તો ગુજરાતી સાહિત્યમાં સીમા ચિહ્નરૂપ પૂરવાર થયાં છે. જૉસેફ મૅકવાને પણ નોખા પડતા વ્યકિતચિત્રોમાં નોખી ભાત પાડી છે. ચંદ્રકાંત શેઠ, ભગીરથ બ્રહ્મભટ્ટ, રમેશ ર. દવે, મનસુખ સલ્લા, પ્રફુલ્લ રાવલ, રઘુવીર ચૌધરી વગેરેનું આ સ્વરૂપ પરત્વે મહત્ત્વનું પ્રદાન ગણી શકાય. વિનોદ ભટ્ટ 'વિનોદની નજરે' દ્વારા હાસ્યશૈલી દ્વારા નિરૂપાયેલા નોખાં પ્રકારના રેખાચિત્રો આપે છે. રજનીકુમાર પંડ્યા 'ઝબકાર કિરણ' (ભાગ ૧ થી ૬) સ્વરૂપે અખબાર કૉલમમાં પ્રગટ થયેલાં રેખાંકનો આપે છે. ગાંધીયુગ કરતા આધુનિકોત્તરયુગમાં વિપુલતા વધારે છે પણ વૈવિધ્ય ઓછું દેખાય છે. સાંપ્રત સમયમાં વ્યક્તિચિત્રો જ વિશેષ મળ્યાં છે. હાસ્ય શૈલીમાં નિરૂપાયેલાં રેખાચિત્રો તથા અખબારી કૉલમમાં લખાતા વ્યક્તિલેખોને રેખાચિત્ર સ્વરૂપે ગણવા-ગણાવવા તૈયાર રહેતા લેખકો-વિવેચકોની સંખ્યા વધુ છે.

એ ઉપરાંત સર્વ સાહિત્યિક સમયખંડો પર દૃષ્ટિપાત કરતાં કેટલીક વિગતો નોંધવી પણ ઉચિત લાગે છે.

• પ્રત્યેક યુગમાં પ્રેરણાદાયી વ્યક્તિઓ, સંતો, ધર્મગુરૂઓ, વૈજ્ઞાનિકો, સાધુઓ વગેરેનું આકર્ષણ અકબંધ રહે છે. ગાંધીયુગથી અદ્યતનયુગ સુધીની યાત્રા દરમ્યાન સર્જકે આ સ્વરૂપમાં સાધારણ માનવને પણ જોડચો છે. કેવળ મહાન વિભૂતિઓની સાથે સાથે સામાન્યજન પણ હવે વિપુલ માત્રામાં આલેખાય છે.

• પ્રત્યેક યુગમાં રેખાચિત્ર આલેખવા પાછળનો સર્જક હેતુ લગભગ સમાન લાગે છે. રેખાચિત્રના નિરૂપણ માટે વિભૂતિપૂજા, વ્યક્તિ પ્રતિનો અહોભાવ, કાળના પ્રવાહમાં વિલીન થઈ જાય તે પહેલાં મનમાં સંગ્રહિત થયેલી માનવ છબીને અમર કરી દેવાની ઝંખના, અંજલિ આપવાનો આશય વગેરે પરિબળો ગણાવી શકાય.

• મહદ્અંશે માનવીના સદ્ગુણોને બિરદાવતા, ગુણગાન ગાતા, હકારાત્મક વલણોની લકીર ખેંચતાં રેખાંકનો જ વધુ માત્રામાં ઉપલબ્ધ થાય છે. વ્યક્તિના ઉધાર પાસાંને પ્રગટ કરતાં, પ્રાણી ચિત્રો, પદાર્થ ચિત્રો કે સ્થળચિત્રોની સંખ્યા અલ્પમાત્રામાં મળે છે.

• વ્યક્તિચિત્રો એ રેખાચિત્રનો એક પ્રકાર છે. મોટાભાગના સર્જકો વ્યક્તિચિત્રોને જ રેખાચિત્ર ગણતા જણાય છે. વળી વ્યક્તિચિત્રોની સંજ્ઞા માટે સર્જકોએ મોકળાશ અનુભવેલી દેખાય છે. પછી ભલે ને એ વ્યક્તિપરિચય, સંકલન, વ્યક્તિવિષયક લેખ જ કેમ ના હોય ! શ્રધ્ધાંજલિ લેખોને પણ કેટલાકે રેખાચિત્ર ગણ્યા છે જેમાં ખૂબ ઓછા અંજલિલેખો રેખાચિત્ર બની શક્યા છે. મોટાભાગે ગુણગાન ગાવાની વૃત્તિથી તાટસ્થ્ય જોખમાતું લાગે છે.

• વર્જિનિયા વુલ્ફ કહે છે કે ''નેવર ટુ બી યોર સેલ્ફ એન્ડ યટ ઓલવેઝ ધેટ ઈઝ ધ પ્રોબ્લેમ'' આ પડકાર રેખાચિત્રકાર માટે પણ ઝિલવો આવશ્યક છે. મોટાભાગનાં રેખાંકનો સર્જકનાં અંગત સંસ્મરણોમાંથી નીપજતાં હોઈ સર્જક 'હું'નો સહજ રીતે પ્રવેશ થઈ જાય છે પરંતુ તે નિરૂપિત પાત્રની રેખાઓ ઉપલબ્ધ કરાવવા પૂરતો કામે લાગે એટલો જ ઈચ્છનીય છે. રેખાચિત્રની ગતિવિધિની આ તપાસમાં જાતને અનિવાર્ય એટલી માત્રામાં સંકોરી આલેખવાના પડકારમાં ખૂબ ઓછા સર્જકો સફળ થઈ શક્યા છે.

• વિસ્મયની વાત તો એ છે કે 'સ્મરણમુકુર'થી આરંભાયેલ રેખાચિત્ર સ્વરૂપયાત્રામાં સ્ત્રી રેખાચિત્રકારોની સંખ્યા આંગળીને વેઢે ગણી શકાય એટલી અલ્પ રહી છે. લીલાવતી મુનશી જેવાં અલ્પ નામ મળે. સામે છેડે ભીખી, ધનીમા, કાશીમા, મૂળીમા, હેતા, લાડુ, શામળી, તેજુભાભી, રૂપી ખવાસણ જેવા સશક્ત સ્ત્રીરેખાંકનોની સંખ્યા પણ પ્રમાણમાં ઓછી જણાય છે.

• આજે સામયિકો કે વર્તમાનપત્રોમાં વિશિષ્ટ વ્યક્તિના વ્યક્તિત્વની સૌરભ પ્રગટાવવા લખાયેલાં લખાણો પણ રેખાચિત્રમાં સ્થાન પામ્યા છે. ત્યારે એમ નોંધવું ઘટે કે સાહિત્યિક રેખાચિત્રોની તુલનાએ એ સક્ષમ લાગતાં નથી. છાપાળવી ભાષા અને નહીં નિબંધ નહીં લેખ, નહીં વ્યક્તિપરિચય કે નહીં સંક્ષિપ્ત જીવનચરિત્ર જેવા લખાણમાં લખાયેલાં આ રેખાંકનો જે-તે વ્યક્તિઓની વિગતો સિવાય ઝાઝી ઉપલબ્ધિ કરાવતાં નથી. અખબારી કૉલમના મર્યાદિત સીમાવિસ્તારમાં રહી સર્વ પ્રકારની વાચકરૂચિને સંતોષવાનો પ્રયત્ન કરતાં આવાં રેખાંકનોમાં વર્ણન, પ્રશ્નોત્તરી, સાંભળેલી વિગતો કે અંગત અભિપ્રાય વગેરે દ્વારા પ્રસિધ્ધ-અપ્રસિધ્ધ વ્યક્તિના સંઘર્ષ કે ઉમદાપણાને પ્રસ્થાપિત કરવાનો સર્જકનો પ્રયત્ન જોઈ શકાય છે.

• સર્જકો વડે અન્ય સર્જકોના આલેખાયેલાં રેખાચિત્રોમાં સ્વરૂપ પર ઓછું ધ્યાન રખાયું હોય એમ લાગે છે અથવા સ્વરૂપ વિશેની કોઈ સ્પષ્ટ સમજણ ન હોવાને કારણે પોતે કરેલાં પાત્ર નિરૂપણને રેખાચિત્રોમાં ખપાવ્યાં છે. આ રેખાંકનોમાં લેખકના જે-તે વ્યક્તિ તેમજ તેના સર્જકત્વ વિશેના ગમા-અણગમા, ધારા-ધોરણો, ખ્યાલો, આગ્રહ-પૂર્વગ્રહ, આસ્વાદ-વિવેચનમાં સરી પડતા જણાય છે.

• એકંદરે એમ કહી શકાય કે સમયે સમયે રેખાચિત્ર સ્વરૂપ વિશે ફેરફાર થતા રહયા છે. રેખાચિત્ર સ્વરૂપ વિશે માન્ય થયેલું કોઈ શિસ્તબધ્ધ રૂપ વિશે ખ્યાલ પ્રવર્તવો હજી આવશ્યક છે. હકીકતે રેખાચિત્ર જેવું નાજુક અને લવચીક સ્વરૂપ એના પર હાવી થતાં સંસ્મરણ, નિબંધ, લેખ, વાર્તા જેવા એક પણ સ્વરૂપનું વજન ખમી ન શકે તેવું છે. જો એમ થાય તો રેખાચિત્ર એનું સ્વ-રૂપ ગુમાવી દઈને સંસ્મરણ, નિબંધ, લેખ કે વાર્તા બની જવા સંભવ છે. માત્ર બાહ્ય રેખાઓ તથા વ્યકિતની સ્વભાવ રેખાઓ જ આપી દેવાથી રેખાચિત્ર સ્વરૂપ બની જતું નથી. આજે આ સ્વરૂપમાં સંખ્યા અને ગુણવત્તા બંનેની દષ્ટિએ ઘણી પ્રગતિ થઈ છે પરંતુ સંઘેડાઉતાર રેખાચિત્રોની માત્રા અલ્પ સંખ્યામાં છે. સ્વામી આનંદ, ઈશ્વર પેટલીકર, રમણીક અરાલવાળા 'સાંદિપની', અનિરૂધ્ધ બ્રહ્મભટ્ટ કે જોસેફ મૅકવાનના રેખાચિત્રો પ્રતિનિધિરૂપ ગણાવી શકાય. અલબત્ત ગુજરાતી સાહિત્યમાં ઝડપભેર સર્જાતા જતા રેખાચિત્ર સ્વરૂપ માટે એ આશા રાખી શકાય કે હજી એમાં વિષય અને અભિવ્યક્તિ પરત્વે ઘણાં પરિવર્તનોની શક્યતા છે.